**રે.દિવાની કેસ નંબર ૩૧૪/૨૦૦૫**

**<u>વાદીની ઉલટ તપાસનો પ્રતિવાદીનો હકક ઓપન કરવા તથા પ્રતિવાદીના પુરાવાનો હકક ઓપન કરવાની આંક–૬૪ ની પ્રતિવાદી નં.૧,૪ ની અરજી લગત હુકમ.</u>**

૧. હાલની આંક–૬૪ ની અરજી આ કામના પ્રતિવાદી નં.૧,૪ ના ઓએ મારા પુરો ગામી ન્યાયધીશ સાહેબશ્રી સમક્ષ તા. ૨૧/૩/૨૦૨૪ના રોજ રજુ રાખેલ છે, અને તેમાં જે તે સમયે પ્રતિવાદી નં.૧,૪ તર્ફે રોકવામાં આવેલ આંક–૧૧,૧૯,૪૫ અને ૫૩ ના વકીલપત્ર રજુ રાખના વિ.વ.શ્રી, ધ્વારા દાવાની કાર્યવાહીમાં ગેરહાજર રહેતા વાદીની ઉલટ તપાસનો તથા પ્રતિવાદીના પુરાવાનો હકક અત્રેની અદાલત ધ્વારા બંધ કરવામાં આવેલ અને હાલ સદર કેસ વાદીની દલીલના સ્ટેજે હોય હાલની અરજીમાં અરજ ગુજરાની વાદીની ઉલટ તપાસનો હકક ખોલી આપવા વિનંતી કરેલ છે.

૨. વાદી તર્ફે હાલની પ્રતિવાદી નં.૧,૪ ની અરજી વિરુધ્ધ આંક–૬૬ થી પોતાના લેખીત જવાબ વાંધા રજુ રાખેલ છે, જેમાં મુખ્યત્વે તેઓ ધ્વારા કોર્ટને અરજ કરતા જણાવેલ છે કે, આંક–૨૮ થી અત્રેની અદાલતે મુદ્દા કાઢેલ છે અને તા. ૯/૧ ૦/૨૦૧૭ના રોજ આ કામના વાદીનુ સરતપાસનુ સોગંદનામુ આંક–૩૩ થી રજુ રાખેલ છે અને સને ૨૦૧૭ થી ૨૦૨૪ ના ૭ વર્ષના ગાળામાં આ કામના પ્રતિવાદી હાજર રહેલ નથી અને દરેક સ્ટેજે અત્રેની અદાલત ધ્વારા પ્રતિવાદીને કોર્ટમાં પોતાની રજુઆતની કરી શકે તે માટે નોટીશો કાઢવામાં આવેલ છે જે ધોરણસર બજેલ છે છતા પણ હાજર રહેલ નથી જે બાદ આ કામે તેઓના જે તે સ્ટેજે હકક બંધ કરવામાં આવેલ છે, જેથી પ્રતિવાદી નં.૧,૪ ધ્વારા પોતાની આંક–૬૪ ની અરજીમાં જે રજુઆત કરેલ છે તે દાદ ગ્રાહ્ય ન રાખી રદ કરવા અરજ કરતો વાંધા જવાબ રજુ રાખેલ છે.

૩. બન્ને પક્ષોને હાલની અરજી પરત્વે સાંભળવામાં આવેલ છે, અત્રેની અદાલતે હાલનીઅ રજીનો નિર્ણય કરતા પહેલા સૌથ્રમ એ નોંધવુ અત્યંત નોંધવુ અગત્ય બની રહે છે કે સદર દાવો સને.૨૦૦૫ ના વર્ષનો જુનો દાવો છે સદર દાવાનુ કેસ રેકર્ડ વંચાણે લેતા વાદીની ઉલટ તપાસ માટે તેમજ પ્રતિવાદીનો પુરાવો રજુ રાખવા માટે અત્રેની અદાલત ધ્વારા જે તે સમયે મારા પુરો ગામી ન્યાયધીશ સાહેબશ્રી ધ્વારા નોટીસો કરવામાં આવેલ છે જે ધોરણસર બજેલ છે અને તે બાદ આંક–૧૧,૧૯,૪૫,૫૩ થી વકીલપત્ર પણ રજુ કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ વાદીની ઉલટ તપાસ માટે ગેરહાજર રહેલ છે તથા પ્રતિવાદીના પુરાવાના સ્ટેજે પણ હાજર રહી પુરાવો રજુ રાખવાની દરકાર લીધેલ નથી, પરંતુ ઉપરોકત વર્તનની સાથો સાથ અત્રેની અદાલત એ પણ ધ્યાને રાખે છે કે કુદરતી ન્યાયના સીધ્ધાંત મુજબ દાવાનો બન્ને પક્ષોને પુરતી રજુઆતની તક પણ ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય થાય તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે પરંતુ આ કામે પ્રતિવાદી તર્ફે દાવા ઉપરની વર્તણુક ધ્યાને લેતા હાલની અરજી મંજુર કરતા સમયે આપવામાં આવેલી તકોને જતી કરવામાં આવેલ છે, તે વર્તણુકને ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. પ્રતિવાદી નં.૧, ૪ ની અરજી આથી મંજુર કરવાનો હુકમ કરવામા આવે છે. પ્રતિવાદી નં.૧,૪ ના એ આ કામના વાદીને રુા. ૧૦,૦૦૦/– કોષ્ટ ચુકવવી તથા રુા. ૧૦,૦૦૦/– કોષ્ટ ડી.એલ.એસ.એ. મોરબીમા જમા કરાવવી તથા બિના વિલંબે દાવાની કાર્યવાહી ચલાવી લેવાની શર્તે પ્રતિવાદીનો વાદી નં.૧,૪ ની ઉલટ તપાસનો તથા પુરાવાનો હકક ઓપન કરવાનો હકક ઓપન કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૫ માહે જુન સને. ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મોરબી.
તા. ૫/૬/૨૦૨૫

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.